E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 321 * Date: 11.09.2024,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

કચ્છમાં શંકાસ્પદ બિમારીથી ૧૫ના મોતથી તંત્રમાં દોડધામ

કચ્છના લખપત તાલુકામાં વરસાદ બાદ શંકાસ્પદ તાવથી ફક્ત છ દિવસમાં જ ૧૫ લોકો મોતને ભેટ્યા છે. આ ઘટના સામે આવતાં જ આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે. તાવ, શરદી-ઉધરસ અને થોડા જ કલાકોમાં ન્યુમોનિયા, શ્વાસ લેવાની તકલીફ અને મલ્ટી ઓર્ગન ફેલ્યોર બાદ દર્દીનું મોત થઈ જાય છે. હાલ મામલાની ગંભીરતાને જોતાં આરોગ્ય વિભાગે ૨૫ જણની ટીમ કચ્છ મોકલી છે, જે સમગ્ર વિસ્તારમાં ડોર ટુ ડોર ફરી લોકોને નિદાન અને સારવારમાં સહકાર આપવા તેમજ આ બીમારીથી બચવા માટે શું કાળજી રાખવી તે અંગે માર્ગદર્શન આપે છે. આરોગ્ય વિભાગ દ્વારા અબરાડા તાલુકામાં દરેક શેરીઓમાં દવાનો છંટકાવ કરવાનું શરુ કરી દેવાયું છે.કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખને જિલ્લા પંચાયત કચ્છના મહિલા સદસ્યાએ લેખિત રજૂઆતને પગલે તંત્રને જાણ કરાતાં આરોગ્ય તંત્ર દોડતું થયું હતું. ત્યારબાદ આ ભેદી બીમારીને લઈને મોતને લઈને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને પ્રફુલ પાનસેરીયા કચ્છ જવા રવાના થયા છે. જ્યાં, તેઓ બીમારી ગ્રસ્ત તાલુકો અબડાસા અને લખપતમાં શંકાસ્પદ તાવની પરિસ્થિતિ અંગે મુલાકાત કરશે અને કચ્છ જિલ્લાના વહીવટી તંત્ર સાથે પણ આરોગ્યની પ્રવર્તમાન સ્થિતિની સમીક્ષા કરશે.આ ભેદી બીમારીને લઈને લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત ગામોના લોકોને હેલ્થ એજ્યુકેશન આપવામાં આવી રહ્યું છે. આરોગ્ય અધિકારી ફુલમાલીએ જણાવ્યું કે, અમે લોકોને સમજાવી રહ્યા છીએ કે, બીમારીથી ડરશો નહીં. જો કોઈપણ પ્રકારનો તાવ કે શરીરમાં અજુગતી અનુભૂતિ થાય તો તુરંત આરોગ્ય કેન્દ્રમાં જઈને તપાસ કરાવો. તંત્ર કોઈપણ વ્યક્તિને આઈસોલેટ નથી કરવાના. ફક્ત દર્દીની તપાસ કરવામાં આવશે અને અન્ય વ્યક્તિને આ બીમારી ન થાય તે મુજબની જરૂરી તકેદારી લેવામાં આવશે.આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ કચ્છ જવા રવાના થયા છે, જે વખતે તેઓએ જણાવ્યું કે, જે લોકોના મોત થયા છે તેમાંથી જે ૧૧ મૃતકોના રિપોર્ટ લેવામાં આવ્યા હતાં. જેમાંથી ઘણાં બાળકોમાં મેલેરિયા, ચિકનગુનિયા, ડેન્ગ્યુ અને કાર્ડિયાકેરેસ્ટના કારણે મોત પણ કેસ જોવા મળ્યાં. જો કે, ઘણાં મૃતકોના અગ્નિસંસ્કાર થઈ ગયાં હોવાથી જે-તે કુટુંબીજનો સાથે વાતચીત કરીને મોતનું કારણ જાણવાનો પ્રયત્ન કરાયો છે. પરંતુ આ ૭ ગામોની અંદર દરેક જગ્યાએ લગભગ ૬૦૦ જેટલાં ગામો છે, જેની તપાસ કરી. તપાસ કરતાં ૩૧ જેટલાં કેસ મળ્યાં જે તાવના હતાં. આ તાવના કેસમાંથી લક્ષણો અને ટેસ્ટના આધારે જાણી શક્યાં છીએ અને તેમાંથી ૮-૯ કેસના સેમ્પલ પૂના મોકલવામાં આવ્યાં છે અને બીજા પણ નવા કેસના સેમ્પલ પૂના મોકલવામાં આવ્યાં છે. જેનાથી જાણકારી મળે કે, જે વરસાદ બાદ પરંપરાગત રોગ થતા હોય છે, તે જ છે કે અન્ય કોઈ બીમારી જાણવા મળે છે કે કેમ તે માટે પરિક્ષણ કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકારે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે. લખપત પહોંચેલા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. કેશવકુમાર સિંહે કહ્યું કે, મૃતકોના પરિવારજનોના સેમ્પલ લેવાયા છે, જેનાથી તાવ ન્યુમોનિયા છે કે કંઈ બીજા કારણે તાવ આવ્યો છે તેની જાણ થઈ શકે. રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું તટસ્થ કારણ ખબર પડશે.ગુજરાત કૉંગ્રેસ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે ભાજપ સરકાર પર આરોપ લગાવતાં કહ્યું હતું કે, કચ્છમાં ગણતરીના દિવસોમાં અનેક લોકોના મૃત્યુ થયા છે. આજથી ૪ દિવસ પહેલાં મેં સરકારી તંત્રનું ધ્યાન દોર્યુ હતું. જ્યારે આ રોગની શરુઆત થઈ હતી અને ફક્ત બે મોત થયા હતા ત્યારે સરકાર સાથે જવાબદાર અધિકારીઓનું પણ ધ્યાન દોર્યુ હતું, પરંતુ કોઈ જ ગંભીરતા ન લેવાતાં ગણતરીના દિવસોમાં કચ્છ જિલ્લામાં આટલાં લોકોના મોત થયાં છે.

TRP અગ્નિકાંડ બાદ રાજકોટ મનપાનો મોટો નિર્ણય, ૪૨૮ કર્મચારી-અધિકારીની ભરતી કરશે

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનમાં અગ્નિકાંડની ઘટના બન્યા બાદ મહાનગર પાલિકાએ આજે ઈતિહાસની સૌથી મોટી ભરતી કરવાનો નિર્ણય લીધો છે. મળતા અહેવાલો મુજબ મનપાએ ચીફ ફાયર ઓફિસર સહિત ૪૨૮ કર્મચારીઓની ભરતી કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. હાલ રાજકોટ મનપામાં ૨૫૦ જેટલા કર્મચારીઓ કાર્યરત છે, ત્યારે આ ભરતી કરવામાં આવ્યા બાદ મનપામાં કુલ ૬૯૬ કર્મચારીનો સ્ટાફ થઈ જશે. આ ભરતી પ્રક્રિયા માટે આવતીકાલે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મૂકવામાં આવશે. આ ઉપરાંત અગ્નિકાંડ સહિત અપ્રમાણસરની મિલકતોના કેસના આરોપી પૂર્વ ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી. સાગઠિયા સામે છઝમ્ના ગુના અંગે કામ ચલાવવા સહિત ૪૬ જેટલી દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં ૨૫મી મેના રોજ ટીઆરપી ગેમ ઝોનમાં આગ લાગી હતી, જેમાં ૨૭ લોકોના મોત થયા હતા. આ ઘટનાની તપાસમાં મનપાની ફાયર શાખાના અધિકારીઓ જવાબદાર હોવાનો ખુલાસો થયો હતો. બીજી તરફ હાઈકોર્ટે અને રાજ્ય સરકારે પણ આવી ગંભીર બેદરકારી અને ગુના રોકવા માટે અનેક નિર્દેશો જાહેર કર્યા હતા, ત્યારે આવી ઘટના અટકાવવા અને બેદરકારી કરતા તત્ત્વો પર ધ્યાને કેન્દ્રત કરવા પર વિશેષ ધ્યાન આપવા મનપા દ્વારા ઈતિહાસની સૌથી મોટી ભરતી કરવાની તૈયારી શરૂ કરી

દેવાઈ છે.

રાજકોટની વાત કરીએ તો શહેરમાં છેલ્લા નવ વર્ષમાં બે વખત હદ વધારવામાં આવી છે, જેમાં નવા ગામો અને શહેરો પણ ભળતા જાય છે, જેના કારણે મહાનગર પાલિકાની અને ફાયર બ્રિગેડની કામગીરીમાં વધારો થયો છે, તેથી મનપાનો સેટપ તૈયાર કરવા તેમજ નવી ભરતી પ્રક્રિયાના નિયમો પણ ઘડી કાઢવામાં આવ્યા છે. મહાનગર પાલિકા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ શાખાનું સ્ટાફ સ્ટેઅપ રીવાઈઝ કરવા તેમજ ભરતીના નિયમોમાં ફેરફાર કરવાની દરખાસ્ત આવતીકાલે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગમાં કમિશનર દેવાંગ દેસાઈએ મોકલી અપાયા છે.

રાજકોટ મહાનગર પાલિકાના ઈતિહાસની સૌથી મોટી ભરતી કરવાની તૈયારી કરાઈ છે, જેમાં એક ચીફ ફાયર ઓફિસર, એક ડેપ્યુટી ઓફિસર, એક ઓએસ, ૧૬ સ્ટેશન ઓફિસર, ૨૬ લીડીંગ ફાયરમેન, ૧૧ ક્લાર્ક, ૧૬૮ ફાયર ઓપરેટર, ૩૦ ડ્રાઈવર, બે પટાવાળા, ૧૨ ક્લીનરનો સમાવેશ થાય છે. મળતા અહેવાલો મુજબ ડેપ્યુટી ફાયર ઓફિસરની તેમજ સ્ટેશન ઓફિસરની લાયકાતમાં સુધારો કરવામાં આવશે. અન્ય પોસ્ટની વાત કરીએ તો મનપા દ્વારા રીવાઈઝ સેટઅપમાં ચીફ ફાયર ઓફિસરની એક જગ્યા, ડેપ્યુટી ઓફિસરની બે, મેનેજરની બે, ઓએસ, ડિવિઝનલ ઓફિસરની ચાર નવી જગ્યા, ૩૨ સ્ટેશન

ગોંડલમાં બે નવા ફોરલેન બ્રિજ નિર્માણ માટે ૫૬.૮૪ કરોડ રૂપિયા ફાળવવાની, સૌદ્ધાંતિક મંજૂરી

ગાંધીનગર/ગોંડલ,

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ફલાયઓવર બ્રિજ હેઠળ ગોંડલમાં પાંજરાપોળ પાસે રૂ. ૨૮.૦૨ કરોડના ખર્ચે તથા ગવર્નમેન્ટ હોસ્પિટલ ચોક પાસે રૂ. ૨૮.૮૨ કરોડના ખર્ચે આ બે બ્રિજ નિર્માણ પામશે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આપી સૌદ્ધાંતિક મંજૂરી. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ફલાયઓવર બ્રિજ હેઠળ ગોંડલમાં પાંજરાપોળ પાસે રૂ. ૨૮.૦૨ કરોડના ખર્ચે તથા ગવર્નમેન્ટ હોસ્પિટલ ચોક પાસે રૂ. ૨૮.૮૨ કરોડના ખર્ચે આ બે બ્રિજ નિર્માણ પામશે.

ગોંડલ શહેરમાં ગોંડલી નદી પર રાજાશાહી સમયના ૧૦૦ વર્ષથી વધુ સમયના બે બ્રિજ ઉપર ગોંડલ આસપાસના ગામો અને તાલુકાના વાહનોનો ખૂબ જ ટ્રાફિક રહેતો હતો. આ ૧૦૦ વર્ષ જૂના બ્રિજ ભારે વાહનો માટે બંધ કરવામાં આવતા તેના સ્થાને ડાયવર્ઝન માટે માત્ર ૧ જ માર્ગ નેશનલ હાઈવે ૨૭ ગોંડલથી સુરેશ્વર ચોકડી સુધીનો ઉપલબ્ધ છે. એટલું જ નહિ,ભારે વરસાદના સમયમાં વિયર કમ કોઝવે પરથી પાણી પસાર થતું હોવાથી આ રસ્તો પણ બંધ થઈ જાય છે અને તમામ વાહનોને ભારે મુશ્કેલી ભોગવવી પડે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સંદર્ભમાં આવેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતા તેમણે ગોંડલ નગરમાં બે નવા બ્રિજ બનાવવા માટે રૂ. ૫૬.૮૪ કરોડની રકમ ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. આ બે નવા બ્રિજ નિર્માણ થવાથી ભાવનગર-આટકોટથી જુનાગઢ જતા વાહનોને તેમજ ઘોઘાવદર મોવીયાથી જુનાગઢ અને કોટડાથી જેતપુર-જુનાગઢ જતા વાહનોને ફોરલેન બ્રિજની સુવિધા મળતી થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ બે નવા બ્રિજ ઉપરાંત ગોંડલી નદી પરના રાજાશાહી સમયના ૧૦૦ વર્ષથી વધુ સમયના બે હયાત બ્રિજના રિસ્ટોરેશન માટે પણ ૨૨.૩૮ કરોડ રૂપિયાની ફાળવણીની મંજૂરી આપી છે. તદ્દઅનુસાર, સેન્ટ્રલ ટોકીઝથી સરકારી દવાખાના સુધીના હયાત બ્રિજનુ રૂ.૧૭.૯૦ કરોડ રૂપિયા તેમજ પાંજરા પોળ પાસેના હાલના સરદાર બ્રિજનું ૪.૪૭ કરોડ રૂપિયાના ખર્ચે રીસ્ટોરેશનનું કામ હાથ ધરાશે. આ બન્ને બ્રિજ હળવા વાહનો એટલે કે, લાઈટ મોટર વ્હિકલ માટે ચાલુ રાખવામાં આવશે. ભારે વાહનો તથા શહેરમાં બાયપાસ ટ્રાફિક માટે નવા નિર્માણ થનારા બે બ્રિજનો ઉપયોગ વાહનચાલકો કરી શકશે. મુખ્યમંત્રીશ્રીએ નગરો-શહેરોમાં લોકોના ઈઝ ઓફ લિવીંગમાં વધારો થાય સાથે-સાથે વડાપ્રધાનશ્રીએ આપેલા વિકાસ ભી વિરાસત ભી ના ધ્યેયને સાકાર કરી શકાય તેવા અભિગમથી ગોંડલમાં ૧૦૦ વર્ષથી વધુ સમયના બે બ્રિજના રિસ્ટોરેશન તથા બે નવા બ્રિજના નિર્માણની અનુમતિ આપી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગોંડલની હાલની વસ્તી ,આજુ બાજુના ગામો તથા તાલુકા જિલ્લાના બાયપાસ તેમજ શહેરના ટ્રાફિક સાથોસાથ આવનારા વર્ષોના વિકાસને ધ્યાનમાં લઈને આ બે નવા બ્રિજ ફોરલેન બનાવવાના દિશા નિર્દેશો પણ આપ્યા છે.

ગુજરાતના યુવક – યુવતીઓ માટે આગામી સમયમાં ગીરનાર- જૂનાગઢ ખાતે 'રાજ્ય કક્ષા ગીરનાર આરોહણ – અવરોહણ સ્પર્ધા' યોજાશે

જુનાગઢ,

ગુજરાતના ૧૪ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા વિદ્યાર્થી અને વિદ્યાર્થી ન હોય તેવા યુવક/યુવતીઓને માટે રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વર્ષ ''રાજ્ય કક્ષા ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા" યોજવામાં આવે છે. યુવક-યુવતીઓને આરોહણ-અવરોહણ સ્પર્ધામાં જોડાવાની ઉમદા તક આપી પ્રોત્સાહિત કરવાના હેતુસર સરકાર દ્વારા એક દિવસીય ''રાજ્ય કક્ષા ગીરનાર આરોહણ – અવરોહણ સ્પર્ધા' આગામી જાન્યુઆરી- ૨૦૨૫માં ગીરનાર-જૂનાગઢ ખાતે યોજવામાં આવશે તેમ, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનરશ્રી ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે, આ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતા યુવક-યુવતીઓ કે જેઓ તા.૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ૧૪ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય તેમણે પોતાના જિલ્લાની જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતેથી અરજી ફાર્મ મેળવી સંપૂર્ણ વિગતો ભરીને જરૂરી આધાર-પુરાવા સાથે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢને તા.૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં મોકલી આપવાનું રહેશે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૪-૨૫માં રાજકોટ ખાતે ઓસમ પર્વત ચોટીલા, ઇડર,પાવાગઢ તથા વલસાડના પારનેરા ડુંગર ખાતે આયોજિત થનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં જુનિયર/ સિનિયર વિભાગમાં ૧ થી ૧૦ ક્રમાંકે વિજેતા થયેલ યુવક/યુવતીઓએ રાજ્ય કક્ષા ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે નહી. તે વિજેતા સ્પર્ધકો રાષ્ટ્રીય કક્ષાની અખીલ ભારત "ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં'' સીધોજ પ્રવેશ મેળવી શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકે પોતાના ખર્ચે સ્પર્ધાના સ્થળ જૂનાગઢ ખાતે આવવાનું રહેશે, સ્પર્ધા દરમ્યાન વિના મુલ્યે નિવાસ, ભોજન તેમજ સ્પર્ધામાં ભાગ લેવા બદલ સ્પર્ધકને રાજ્ય સરકાર દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. આયોજક જિલ્લાને મળેલ અરજીઓ પૈકી આ સ્પર્ધા માટે પસંદગી પામનાર યુવક-યુવતીઓને જિલ્લા યુવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢ દ્વારા ટેલીફોનિક જાણ કરવામાં આવશે. આ સિવાય કોઈપણ બાબતની જાણકારી માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢનો સંપર્ક કરવા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગરની યાદીમાં વધુમાં જણાવાયું છે.

યાત્રાધામ અંબાજી ખાતે ૧૨ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર ભાદરવી પૂનમના મહામેળાની તૈયારીઓ પૂરજોશમાં

૫૧ શક્તિપીઠમાંથી એક એટેલે કે અંબાજી, વિશ્વવિખ્યાત પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે ૧૨ થી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન યોજાનાર ભાદરવી પૂનમના મહામેળાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. દૂર-દૂરથી લાખો ભક્તો મા અંબાના દર્શન કરવા આવતા હોવાથી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા યાત્રિકોને રૂ.૩ કરોડનું વીમા કવચ આપવામાં આવશે. યોજના એવી છે કે અકસ્માતની સ્થિતિમાં યાત્રીને ૩ લાખ રૂપિયાનો વીમા ક્લેમ પણ મળશે. મેળા દરમિયાન દર્શનનો સમય લંબાવવામાં આવ્યો છે. સવારે ૬ થી બપોરે ૧૨ વાગ્યા સુધી ભક્તો માતાજીના અવિરત દર્શન કરી શકશે. એલઇડી સ્ક્રીન અને પ્લાઝમા ટીવી પર મેળાનું સતત જીવંત પ્રસારણ થશે. આ ઉપરાંત મેળાની સુંદરતા માટે સાઉન્ડ સિસ્ટમ અને જાહેરાત માટે લાઇટિંગની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. પેસેન્જરો માટે પેકેજ, ભોજન, જોવાલાયક સ્થળો અને રજાઓ જેવી તમામ સુવિધાઓ જળવાઈ રહે તે રીતે આયોજન કરવામાં આવ્યું છે.

તંત્રી લેખ.....

આયાત ડયૂટીમાં ઘટાડો કરાતા રિટેલ જ્વેલર્સની આવકમાં વૃદ્ધિ જોવા મળશે

વર્તમાન વર્ષના બજેટમાં સોના પરની આયાત ડયૂટીમાં જોરદાર ઘટાડો કરાતા સંગઠીત ગોલ્ડ જ્વેલરી રિટેલરોની આવકમાં વર્તમાન નાણાં વર્ષમાં ૨૨થી ૨૫ ટકા વૃદ્ધિ થવાની અપેક્ષા હોવાનું ક્રિસિલના એક રિપોર્ટમાં જણાવાયું છે.ક્રિસિલ દ્વારા હાથ ધરાયેલા એક અભ્યાસમાં સંગઠીત જ્વેલરી ઉદ્યોગમાં વર્કિંગ કેપિટલ સંચાલનમાં સુધારો જોવા મળવાનું જણાયું હતું.સોનાના નીચા ભાવને કારણે જ્વેલર્સને ઈન્વેન્ટરી કોસ્ટમાં ઘટાડો થશે, જેને કારણે વર્કિંગ કેપિટલમાં રાહત મળશે. દેશમાં જ્વેલરી ક્ષેત્રની એકંદર બજારમાં સંગઠીત જ્વેલર્સનો હિસ્સો ૩૫ ટકા જેટલો છે. અસંગઠીત ક્ષેત્રની સરખામણીએ સંગઠીત જ્વેલરી ક્ષેત્રની નાણાંકીય કામગીરી પણ મજબૂત રહેવા ધારણાં છે.લગ્નસરા તથા તહેવારોની મોસમ પહેલા જ ઈમ્પોર્ટ ડયૂટીમાં ઘટાડો આવી પડતા જ્વેલરીની માગ જળવાઈ રહેવા અપેક્ષા છે.વર્તમાન નાણાં વર્ષમાં વેચાણમાં ૩થી ૫ ટકા વધારો થવા અંદાજ છે. તહેવારોની મોસમ નજીક આવી રહી છે ત્યારે સોનાના ભાવ હાલમાં ગયા વર્ષની સરેરાશ કરતા પંદર ટકા જેટલા ઊંચા બોલાઈ રહ્યા છે. આમ છતાં માગ ટકી રહેશે અને જ્વેલરી ક્ષેત્રમાં આવક વૃદ્ધિ જોવા મળશે. ડયૂટીમાં ઘટાડાને કારણે સોનાના દસ ગ્રામ દીઠ ભાવમાં રૂપિયા ૪૫૦૦થી રૂપિયા ૫૦૦૦નો ઘટાડો નોંધાયો છે.

ઇજનેરી શાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતોથી અલગ ચીલો ચાતરીને ખેતરમાં પુલ બનાવનાર મહાનુભાવો માટે એક મેડલ બનતા હૈ!

ઈજનેરી શાસ્ત્ર અટપટું કે ચટપટુ છે. બાર હાથના ચીભડા અને તેર હાથના બીની જેમ સામાન્ય માનવીના ભેજામાં ઈજનેરી શાસ્ત્ર સમાન સમાતું નથી.એટલે ગોલી માર ભેજકો ભેજા શોર કરતા રહેતા હૈ. સામાન્ય માનવીએ તાંણીતૂસીને ઘર બનાવેલ હોય છે. એનો નકશો તો કોઈ નિષ્ણાંતે બનાવ્યો હોય. ઘર બનાવવા આર્કિસ્ટ્રકચલ એન્જિનિયર વગેરેની સેવા લીધી હોય. સામાન્ય માનવી તમામ ઈજનેરોની તગડી કે મોટીમસ ફી હસતા મોંઢે ચૂકવે છે.?ફી ન ચૂકવે તો કયાં જાય? જહન્નમમાં? આજકાલ ત્યાં પણ વેઈટીંગ ચાલે છે.

કોઈ એલિસ નામના વિદેશી ઈજનેરે અમદાવાદમાં પુલ બાંધેલો. પુલ સાલ્લો સો વરસથી વધુ સમયથી ચાલે છે. પુલને ક્યારેય તાવ કે શરદી ખાંસી થતી નથી . પુલને ક્યારેય વેન્ટિલેટર પર મુકવો પડતો નથી . પુલને આઈસીયુમાં દાખલ કરવો પડતો નથી. એના સમયના કેટલાક બાંધકામો જમીનસ્થ થયા. પરંતુ એલીસબ્રિજ અડીખમ છે.

મરાઠા ગયા નગારે, મોગલો ગયા તગારે એવું કહેવાય છે. અવળચંડા મોગલોએ બનાવેલ કિલ્લા,દરવાજા, મહેલ, તાજમહેલ ફેવીકોલની મજબૂત જોડ જેવા છે. હથોડા મારે તો પણ તૂટતા નથી. આપણા સમયમાં કરોડોના ખર્ચે બનેલા ઓવરબ્રિજ, પુલ કે સરકારી કચેરીઓ રિયલ વરસાદ નહીં પણ મૃગજળના એકાદ ઝાપટાએ કે મૂસળધાર ઝાંકળવર્ષાથી મીણબતીની જેમ ઓગળવા માંડે છે!

આજના જમાનામાં ઈજનેરોમાં ટેલેન્ટ ઠાંસી ઠાંસીને ભરી છે. એમના દિમાગમાં રહેલી સુષુપ્ત શક્તિઓએ ચમકારા દેખાડ્યા છે.આપણને થાય કે આ પ્રતિભાઓ આટલા સમય કયાં છુપાયેલ હતી?આ વિરલાઓથી દેશ ધન્ય ધન્ય થઈ ગયો છે. એન્જિનિયરિંગના નવા સિધ્ધાંતોનો આવિષ્કાર કર્યો છે.

તામિલનાડુના વેલ્લોરમાં આરસીસીસી રોડ બનાવવાના ઉત્સાહમાં રસ્તા પર પાર્ક કરેલ બાઈક હટાવવાની તસ્દી લેવાના બદલે બાઈકને શ્રી સરકાર ખાતે ઉધારી નાંખ્યું. મતલબ બાઈક આરસીસી રોડનો ભાગ બની ગયું. જ્યારે કમિશનરે રસ્તાનું નિરીક્ષણ કર્યું ત્યારે સૌનુ ધ્યાન ગફલત તરફ ધ્યાન ગયું.

એક ગામમાં પાણી રીચાર્જ કરવા માટે બોરવેલ બનાવ્યો. એક ખાડાની વચ્ચોવચ્ચ વરસાદનું પાણી કૂવામાં જાય તે માટે મોટોમાં પાઈપ લગાવેલ. પાઈપનું લેવલ જમીનથી નીચું રાખે તો જ ખાડામાં ભરાયેલું પાણી પાઈપ વાટે કૂવાની અંદર જાય. આ કામ કરનાર ઈજનેર ઈજનેરી વિધ્યા ઓનલાઈન ભણ્યો હશે કે કેમ એ તો ભગવાન જાણે. એ આધુનિક ઈજનેરે જમીનથી એક-બે ફૂટ ઉંચો પાઈપ લગાવ્યો. વરસાદનું પાણી રિચાર્જ કરવા માટે ખર્ચે પૈસા પાણીમાં નહીં પણ ઊંચા પાઈપમાં ગયા.ચિડાયા ચુગ ગઈ ખેત જેવો તાલ થયો! જો કે, કૂવામાં કચરો ફચરો ઉતરશે નહીં એ ફાયદાની વાત ભૂલવી ન જોઈએ!

જૂનાગઢના ઉના તાલુકાના લેરકા - ડોળાસાના ગામ વિસ્તારને જોડતો રોડ મંજૂર થયો. કામ કરવા એજન્સી નક્કી થઈ. એજન્સીએ ડામર પાથરી રોડ બનાવ્યો . તમને એમ થશે કે એમાં શી નવાઈ છે? અંધ વ્યક્તિને પણ દેખાય એવો ઈલેવન કેવીનો મોતના સામાન જેવો પંદર ફૂટનો લાઈટનો થાંભલો રોડની વચ્ચોવચ્ચ હતો. જે કોન્ટ્રેકટર અને અધિકારીને ન દેખાયો. પરિણામે થાંભલો હટાવ્યા વિના રોડ બનાવી દીધો. અર્જુનને પરીક્ષા સમયે માત્ર પક્ષીની આંખ દેખાતી હતી તેમ આ અધિકારી-કોન્ટ્રેકટરને માત્ર રોડ દેખાતો હતો, નહીં કે થાંભલો. તેમની ફરજપરસ્તીને કોટિ કોટિ સલામ!

એક કિસ્સો ઔર રસપ્રદ આઈ મીન જયુસી છે.જે જગ્યાએ નદી હોય ત્યાં લોકો વરસો સુધી ચોમાસાના પૂરમાં હેરાન થાય, કિન્તું, તંત્ર કોઝ વે કે પુલ બનાવવાની માંગણી પૂરી ન કરે. લોકો લાકડાના ટેકાથી કે દોરડાના સહારે જાનના જોખમે નદી ઓળંગે છે. છતાં,સરકાર પુલ ન બાંધે તે ન જ બાંધે!પરંતુ, બિહારમાં ઉલ્ટી ગંગા વહી. નદી હોય અને પુલ બાંધવામાં આવે તે સમજી શકાય. પરંતું, નદી ન હોય ત્યાં પુલ બાંધવામાં આવ્યો એમ કહું તો તમે ધરતીકંપનો આંચકો લાગશે ખરૂં કે નહીં? બિહારના રાણીગંજ પ્રખંડના પરમાનંદપુર ગામના એક ખેડૂતને માનો કે લોટરી લાગી ગઈ. વગર નદી,વગર રજૂઆતે , વગર સુનવાઈએ તેના ખેતરમાં પુલ તાણી બાંધ્યો. સમજો ને કે લાલ દરવાજે તંબુ તાણ્યા રે લોલ. વાસ્તવમાં, આ પુલ ખેડૂતના ખેતરથી ત્રણ કિમી દૂર સૂકાઈ ગયેલી નદી પર બાંધવાનો હતો. તેનો હવે કોઈ જ ઉપયોગ થઈ નથી રહ્યો. હદ એ તો એ વાતની છે કે ખુલ્લા ખેતરમાં નદી-રસ્તા વગર જ પુલ તો બનાવી નાખ્યો બાદમાં તેને હટાવવા માટે પણ કોઈ આવ્યું નથી!

બિન નદી પુલનો કિસ્સો વાંચ્યા પછી દિલ થામ કે બેઠો. ખુરશી કી પેટી બાંધકે રખિયે. આગે મોસમ ખરાબ હોનેવાલા હૈ, ભીડું.ડબલ ડેકર બસમાં સવારી કરવી આબાલવૃદ્ધ સૌને ગમે છે. કેટલીક જગ્યાએ ડબલ ડેકર મકાનની પણ સ્કિમ હોય છે. જયાં ટ્રાફિક વધારે હોય ત્યાં ડબલ ડેકર બ્રિજનું પણ નિર્માણ કરવામાં આવે છે.મેરે દોસ્ત , તમે ડબલ ડેકર ગરનાળાની વાત સાંભળી છે. આપણા તેમના બાહોશ અને બાજંદા ઈજનેરોએ જગતમાં એકમેક અને અદ્વિતીય એવું એન્જિનિરીંગ કારનામુ કે અજુબો કરી બતાવ્યો છે.અરવલ્લી જિલ્લાએ આ કારનામું કરી બતાવ્યું છે. તાલુકા પંચાયતના અધિકારીઓએ વિકાસ કામો કરવાની લ્હાયમાં આંખો માંચીને એક હયાત ગરનાળા પર બીજું ગરનાળું બનાવી દીધું છે.બિચારા ગરનાળાએ એક ભવમાં બે ભવ કરવા પડયા છે. બિચારા ગરનાળા પર શી વીતી હશે? એને કેટલું લાંછન લાગ્યું હશે?ખાતર પર દિવેલ કહેવતને સાચી ઠેરવવા વિજયનગરના લીમડાનું ડબલ ડેકર ગરનાળું આખરે ટીડીઓના આદેશ બાદ તોડી પડાયું છે. સરકારમાં કેબીડી એટલે કોના બાપની દિવાળી જેવા પૂછવામાં આવતા સવાલનો જનાબ એબીડી એટલે અમારા બાપની દિવાળી!

છેલ્લે વધુ એક ઈજનેરી દુસાહસ અને દૂરદર્શિતાનો ઉલ્લેખ વગર લેખ આધે અધૂરો રહેવાની સંભાવના છે. નદી પર પુલ બાંધવામાં આવે તો પુલના બંને છેડા સરખા હોવા જોઈએ નહીંતર બગીચામાં મુકેલ ઉંચકનીચકનો ઉપયોગ કરવો પડે. મુંબઈમાં ગોખલેબ્રિજનું નિર્માણ ૧૯૭૫ માં કરવામાં આવેલ છે. હમણા આ પુલ પર અપ્રતિમ કારનામું કરી નંખાયું. વિકાસના નામે વિનાશ વેરવાની સરકારી કામગીરી વૃત્તિનો એક ઉત્તમ નમૂનો મુંબઈમાં સામે આવ્યો છે. મુંબઈમાં વિકાસ બેફામ થઈ રહ્યો છે. તાજેતરમાં મુંબઈ મહાનગરપાલિકા દ્વારા વિકાસ કરવાના ઉતાવળ અને ઉત્સાહમાં એવો બ્રિજ તૈયાર કરાયો જે પોતાના કનેક્ટર બ્રિજથી છ ફૂટ ઉંચો છે. તેના કારણે એક બ્રિજ ઉપરથી બીજા બ્રિજ ઉપર જવા વાહન કુદાવવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. મુંબઈ મહાનગરપાલિકા દ્વારા અંધેરી વિસ્તારમાં ગોખલે બ્રિજનું જે નવનિર્માણ કરવામાં આવ્યું છે તે અવિચારી અને કૌભાંડી સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. જો કે આવા કામના આર્કિટેકટ કે નકશો બનાવનારની ફીમાંથી એક પણ રૂપિયો કપાયો નહીં હોય તેમ રાજુ રદી તાબૂત જેવી છાતી ઠોકીને કહે છે.છતી આંખે આંધળા આ લોકો આંધળે બહેરું કૂટે છે અને આંખનું કાજળ ગાલે ઘસે છે!

આવા અદ્ભુત અભિનવ વિચારસરણી ધરાવતા અને ઈજનેરી શાસ્ત્રના પ્રસ્થાપિત અને અમલી

સિધ્ધાંતોને ત્રણસો સાંઈઠ ડીગ્રી બદલવાન ઈજનેરરત્નોને એકાદ કીર્તિ ચક્ર, અર્જુન એવોર્ડ, ભારત રત્ન કે એવો કોઈ ઈલ્કાબ ચોક્કસ એનાયત થવો જોઈએ. સરકાર ઈનામ આપે કે ના આપે પણ ,આપણે ત્રણ તાલીઓથી એનું અભિવાદન, સ્વાગત, અભિનંદન કરવું જોઈએ. વોટ ડુ યુ સે ડિયર રીડર?

ભરત વૈષ્ણવ

ઉંઘમાં અમને બોલવાનું સ્વાતંત્ર્ય આપવાના બદલે રાધારાણી ડુંગળીડોળા કાઢી ચૂપ કરાવી દે છે!!

ઊંઘ એ કુદરતી બક્ષિસ છે.(કેટલાક કમનસીબ ઉંઘના વરદાનથી સદંતર વંચિત હોય છે. આ પ્રકારના લોકો આંખો બંધ કરે છે. બંધ આંખો પર નિંદ્રારાણી પીંછા જેવો મુલાયમ કર ફેરવે છે.પરંતું, અભાગિયાને ઉંઘનું અમૂલ્ય વરદાન પ્રાપ્ત થતું નથી.આવા અભાગિયાઓ અઢાર અઢાર કલાક કામ કરતા હોવાનો દાવો કરે છે!!બીજું કરી પણ શું શકે?? મહાનાયક અમિતાભ પણ અનિંદ્રાથી પીડાઈ છે. રાત્રે અઢી વાગ્યા સુધી જાગે છે અને સાડા પાંચે ઉઠી જાય છે. !! અભિનેતા શાહરુખ ખાન ઊંઘને સમયનો બગાડ માને છે. તે માત્ર ચારથી પાંચ કલાક ઊંઘે છે!!

ઊંઘ મગજને રિચાર્જ કરવાનું કામ કરે છે. મગજની અંદર અલગ અલગ રસાયણો હોય છે, જેને બેલેન્સ કરવા માટે પણ પૂરતી ઊંઘ જરૂરી છે. મગજમાં આવેલા જ્ઞાનતંતુઓનાં રિપેરિંગ અને નવા ન્યૂરોન્સના નિર્માણનું કામ પણ ઊંઘ દરમિયાન થતું હોય છે. પૂરતી ઉંઘ લેનાર વ્યક્તિ બીજા દિવસે તરવરાટ, ઉત્સાહ, ઉમંગ, ઉર્જા , જોશ અને સ્ફૂર્તિનો અહેસાસ કરે છે.

મોટાભાગના લોકોએ સામાન્ય રીતે ૮થી ૧૦ કલાકની ઊંઘ લેવી જરૂરી છે ઊંઘ દરમિયાન મગજમાં બે પ્રકારનાં મોજાંઓ જોવા મળે છે. એક છે રેપિડ આઈ મુવમેન્ટ સ્લીપ અને બીજું છે નોન રેપિડ આઈ મુવમેન્ટ સ્લીપ.આપણને નિંદરમાં જે સપનાં આવે છે તે રેપિડ આઈ મુવમેન્ટ અવસ્થામાં આવે છે. નોન રેપિડ આઈ મુવમેન્ટ ગાઢ નિદ્રાની અવસ્થા હોય છે. એટલે આ રેપિડ આઈ મુવમેન્ટ અને નોન રેપિડ આઈ મુવમેન્ટ અવસ્થામાં ઊંઘની સાયકલ ચાલ્યા કરે છે.છેલ્લાં એક દાયકામાં લોકોની ઊંઘમાં ૨થી ૩ કલાકનો ઘટાડો થઈ ગયો છે. તેનું મુખ્ય કારણ છે સ્લીપ ડિસઓર્ડર. જેમાં ઈન્સોમ્નિયા, હાઈપરસોમ્નિયા, પેરાસોમ્નિયા અને સ્લીપ ચેક ડિસ્ટર્બન્સ મુખ્ય છે. લગભગ ૨૦ ટકા યંગસ્ટર્સ પર્યાપ્ત ઊંઘ લઈ શકતા નથી. તેના કારણે તેમનામાં સ્લીપ ડિસઑર્ડર જોવા મળે છે. દર પાંચમાંથી એક અકસ્માત માટે ઓછી ઊંઘ જવાબદાર છે. પૂરતી ઊંઘ ન લેવાથી ચિત્તભ્રમની સ્થિતિ પેદા થઈ જાય છે. ધોળા દિવસે તમારું મન સપનાં જોવા લાગે છે અને વધુ પડતો બકવાસ કરવા લાગે છે. એવામાં જો તમે વાહન ચલાવો તો અકસ્માતનું જોખમ અનેકગણું વધી જાય છે.!! સવારે એકથી ચાર વાગ્યે ઝોકું આવવાના કારણે વાહનના અકસ્માતો વધુ થાય છે.

રાત્રે અચાનક જાગી જવું સ્લીપ ચેક ડિસ્ટર્બન્સ કહેવામાં આવે છે. ઊંઘનું અને જાગૃતિનું જે ચક્ર છે તે ચક્ર ખોરવાઈ જાય ત્યારે પ્રશ્નો ઊભા થાય છે. જેમ કે, ઘણા લોકોને દિવસે ઊંઘ આવતી હોય છે, તો ઘણા લોકોને મોડી રાત્રે ઊંઘ આવતી હોય છે. જ્યારે ઊંઘ આવવામાં સમસ્યા થાય તેને ઈન્સોમનિયા (અનિદ્રા) કહેવામાં આવે છે. આવા લોકો ઉંઘ વેચીને ઉજાગરા કોઈ પણ પ્રકારનો અવેજ ચુકવ્યા વિના ડિસ્કાઉન્ટ ભાવે એક સાથે એક ફ્રી ખરીદ કરતા હોય છે. જે લોકોને નવાણુના ધક્કા લાગ્યા હોય તે ઉંઘવા ચાહે તો પણ ઉંઘી શકતા નથી!!એક્સેસિવ ડે ટાઈમ સ્લીપીનેસ એટલે કે દિવસ દરમિયાન જો ઊંઘ આવતી હોય તો તેને હાઈપરસોમ્નિયા કહેવામાં આવે છે. ઊંઘવા અને જાગવામાં તકલીફ થતી હોય તેને સ્લીપ ચેક ડિસ્ટર્બન્સ કહેવાય છે. તેમાં વ્યક્તિનું ઊંઘવાનું અને જાગવાનું ચક્ર બરાબર રીતે જળવાય નહીં.

ઘણા લોકોને ઓછી ઊંઘમાં પણ ફ્રેશ અનુભવાતું હોય છે. તેવા લોકોને શોર્ટ સ્લીપર કહે છે. જ્યારે અમુક 'લોન્ગ સ્લીપર' લોકોને ૯ કલાકની ઊંઘ પછી જ તાજગી અનુભવાય છે. બેઠાં બેઠાં જ કોઈને દસ-પંદર મિનિટનાં ઝોકાં આવી જતાં હોય અને ઊંઘ આવે કે ઊડે ત્યારે ભણકારા સંભળાતા હોય કે ત્યારે સ્નાયુઓ સાથ ન આપતા હોય તે તેમને 'નાર્કોલેપ્સી ડિસઑર્ડર' હોઈ શકે. ઊંઘમાં બબડવું, દાંત કચકચાવવા, ચીસો પાડવી, ઊંઘમાં ચાલવું વગેરે લક્ષણો 'પેરાસોમિયા ડિસઑર્ડર'નાં છે. ઊંઘમાં વધારે પડતાં નસકોરાં, શ્વાસ રૂંધાવો, ઊંઘ ઊડી જવી વગેરે 'સ્લીપ એપ્રિયા'નાં ચિહ્નો છે. ઉંઘની અસર વિશે એમ પણ રહેવાયું છે કે ઊંઘતા સમયે માણસની સુંઘવાની શક્તિ બિલકુલ ખતમ થઈ જાય છે. જો તમે ઊંઘમાં હોવ અને તમને કોઈ સુગંધી આવે તો સમજી લેવું કે તમે ઊંઘી રહ્યા નથી.!!

શાસ્ત્રીય રીતે તેને બે પ્રકારના વારાફરતી થતા તબક્કાઓ રૂપે સમજવામાં આવે છે .એક ધીમા તરંગોવાળી ઊંઘ અને બીજો ઝડપી નેત્રચલન(વાળી ઊંઘ. મગજમાં ચાલતી વીજરાસાયણિક પ્રક્રિયાઓનો આલેખ લઈ શકાય છે. તેને મસ્તિષ્કી વીજાલેખ કહે છે. ઊંઘના ધીમા તરંગોવાળા તબક્કામાં મસ્તિષ્કતરંગો (ઘણા ધીમા થયેલા હોય છે. ઊંઘમાં સમયાંતરે આંખો ઝડપથી ગોળ ગોળ ફરે છે તેને ઝડપી (ત્વરિત) નેત્રચલનનો તબક્કો કહે છે. તે સમયે વ્યક્તિ તો ઊંઘતી જ હોય છે. મોટાભાગની ઊંઘ ધીમા તરંગોવાળા પ્રકારની હોય છે. તે ઊંડી અને આરામદાયક હોય છે. લાંબા સમયના કામના સમયગાળા પછીની શરૂઆતની ઊંઘ આ પ્રકારની હોય છે. પુખ્ત વયની વ્યક્તિની કુલ ઊંઘનો ૨૫ % સમય ત્વરિત નેત્રચલનનો હોય છે. એવું નેત્રચલન લગભગ દર ૯૦ મિનિટે પથી ૩૦ મિનિટ માટે ફરી ફરીને થાય છે. ઊંઘ્યા પછીનો સૌપ્રથમ ત્વરિત નેત્રચલનનો તબક્કો ૮૦થી ૧૦૦ મિનિટે આવે છે. તેમાં પૂરતો આરામ મળતો નથી અને તે સમયે સ્વપ્નો જોવા મળે છે.મળસ્કે આવેલ સ્વપ્ન સાચું પડે તેવી માન્યતા છે. ખરાબ સ્વપ્નને દુસ્વપ્ન કહે છે.જેને અંગ્રેજીમાં નાઈટમેર કહેવામાં આવે છે. દિવસે સ્વપ્ન જોવાને દિવાસ્વપ્ન કહે છે. અશક્ય સ્વપ્નને લોકો મજાકમાં શેખચલ્લી કે મુંગેપીલાલ કે હસીન સ્વપ્ન કહે છે.સ્વપ્નમાં સ્ખલનને નાઈટ ડિસ્ચાર્જ કે સ્વપ્નદોષ કહે છે!!

જ્યારે તમે તમારું માથું દક્ષિણ તરફ અને તમારા પગ ઉત્તર તરફ મોં કરીને રાખીને સૂવો એ સૂવાની શ્રેષ્ઠ દિશા એ છે .સંશોધનમાં જાણવા મળ્યું છે કે પ્રાણીઓ કુદરતી રીતે પોતાની જાતને દક્ષિણ-મુખી સૂવાની દિશામાં ગોઠવે છે. તે જે વ્યક્તિઓ ઊંઘની શ્રેષ્ઠ દિશા માટે આ પદ્ધતિને અનુસરે છે તેમનું બ્લડ પ્રેશર ઓછું હોય છે અને ઊંઘની ગુણવત્તા સારી હોય છે. તમારું માથું ઉત્તર તરફ અને તમારા પગ દક્ષિણ તરફ મોં રાખીને સૂવાથી ઘણી નકારાત્મક અસરો થઈ શકે છે. પૂર્વ એ છે જ્યાં સૌપ્રથમ સૂર્ય ઉગે છે અને તેમાં સકારાત્મક ઉર્જા હોય છે જે તમારા ભૌતિક શરીર સાથે વિપરીત નથી હોતી. તમે સૂર્યના કિરણોથી ઉત્સાહિત અને તાજગી અનુભવી શકો છો. તેથી, વાસ્તુ અનુસાર ઊંઘની સૌથી વધુ પસંદગીની અને શ્રેષ્ઠ દિશા છે.

કેટલાક લોકોની ઉંઘ કાગાનીંદર હોય છે. સહેજ ખડખડાટ , બબડાટ, ફફડાટ થાય કે ઉંઘ ઉડી જાય . પછી રાત આખી પડખા ઘસે પણ ઉંઘ ન આવે તે ન જ આવે. પછી હિમેશ રેશમિયાની જેમ આતી આતી નહીં કે એક બાર આજા આજા જેવા ગીતો ગાયા કરે!!એક બાજુ લોકો અનિંદ્રાના રોગનો ભોગ બનેલ હોય છે. જ્યારે બીજી બાજુ ઘણા લોકો અતિનિંદ્રાથી ગ્રસિત હોય છે. ઓશીકા પર માથું મુકે કે ઉંઘી જાય!! કેટલાક લોકો ચાલુ કાર્યક્રમે ઉંઘી જતા હોય છે. હમણા મુખ્યમંત્રીના સમારોહમા એક ચીફ ઓફિસર ઝોંકે ચડી ગયા. ઉંઘ આવી જવી એ શિસ્ત અને સેવા નિયમો મુજબ ગેરશિસ્ત ન ગણાય. છતાં, તેને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો!!! ઉંઘવા બદલ સસ્પેન્ડ થનાર એ સર્વ પ્રથમ અધિકારી બન્યો!!ઘણા લોકો સૂર્યવંશી કહેવાય છે. સવારે સૂર્ય ઉગે પછી જ પથારીનો ત્યાગ કરે. શિયાળામાં પથારીનો ખાસ કરીને રજાઈનો ત્યાગ કરી ઊઠવું કઠિનતમ સ્વાધ્યાય ગણાય છે!! આવા લોકો માટે ઘોડા વેચીને ઉંઘતા હોય તેમ કહેવાય છે!! કેટલાક તો મધ્યાહનવંશી હોય છે!! બપોરે બાર વાગ્યે જ ઉઠે છે!!

કુંભકર્ણ રાવણનો ભાઈ હતો. એણે તપ કરેલ. ભગવાન પ્રસન્ન થયા. કુંભકર્ણ વરદાન પેટે ઈન્દ્રાસન માંગનાર હતો. પરંતુ, તેની જીભ

આભાર - નિહારીકા રવિયા ફિસલ ગઈ. (નેતાજીનું ચારિત્ર્ય આવી રીતે લપસતું હોય છે!!) કુંભકર્ણ ઈન્દ્રાસનને બદલે નિંદ્રાસન બોલી ગયો. ભગવાને ટાઢા પાણીએ ખસ કાઢતા હોય તેમ તથાસ્તુ કહીને અંતર્ધાન થયા!! કુંભકર્ણ છ મહીના જાગતો હતો અને છ મહીના ઉંઘતો હતો!! સરકાર તો કુંભકર્ણને અતિક્રમી ગઈ છે. વરસોથી ઘસઘસાટ ઊંઘે છે!!

દરેક ઉંમરના લોકો માટે સૂવાનો યોગ્ય સમય અલગ અલગ હોઈ શકે છે. ટીનેજર્સ માટે રાત્રે ૯ થી ૧૦ વચ્ચેનો સમય યોગ્ય છે. તો બીજી તરફ એડ્લ્ટ્સ માટે ઊંઘવાનો શ્રેષ્ઠ સમય રાત્રે ૧૦ થી ૧૧ વચ્ચે ગણવામાં આવે છે. જયારે બાળકોને ૭ થી ૯ વાગ્યાની વચ્ચે સુવડાવી દેવા જોઈએ. સારી ઊંઘ માટે, અઠવાડિયાના અંતે પણ ઊંઘવાનો અને જાગવાનો યોગ્ય સમય જાળવવો ખૂબ જ જરૂરી છે.રાત્રીના આઠ થી બાર વાગ્યાનો સમય ઉંઘ માટે ગોલ્ડન પિરિયડ મામલામાં આવે છે!! પછીનો સમય ઉંઘ માટે કનિષ્ઠ કહી શકાય!!

ઊંઘ વિના માણસ કેટલો સમય જીવી શકે?બે અમેરિકન વિદ્યાર્થીઓએ ૧૧ દિવસ ૨૫ મિનિટ ઊંઘ્યા વગર પસાર કર્યા હતા. રેન્ડી ગાર્ડનર અને બ્રુસ મેકએલિસ્ટર નામના આ વિદ્યાર્થીઓએ નવો રેકોર્ડ બનાવવા અને સ્કૂલના વૈજ્ઞાનિક પ્રયોગ કરવા માટે આ કર્યું. આ સાથે જ સાબિત થયું કે, કોઈપણ વ્યક્તિ ૧૧ દિવસ અને ૨૫ મિનિટ સુધી ઉંઘ્યા વગર જીવી શકે છે. ભૂતકાળમાં ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ' દ્વારા આયોજિત એક સ્પર્ધામાં ૧૮ દિવસ, ૨૧ કલાક અને ૪૦ મિનિટ સુધી ઊંઘ ન લેવાનો રેકોર્ડ બનાવવામાં આવ્યો હતો.હમણા બ્રિટનના ટોની રાઈટ નામનો વ્યકિત વર્લ્ડ રેકર્ડ બનાવવા સતત અગિયાર દિવસ એટલે બસો ચોસઠ કલાક ,પંદર હજાર આઠસો ચાલીસ સેકન્ડ જાગ્યો!!સતત જાગવાના લીધે તેનું માનસિક સ્વાસ્થ કથળ્યું!રોબર્ટ મેકડોનાલ્ડ નામની વ્યકિત ચાર સો ત્રાંણુ કલાક ચોવીસ મિનિટ જાગવાનો રેકર્ડ ધરાવે છે, જેને ટોની રાઈટ રાઈટલી કે રોંગલી તોડી શકયો નહીં. અલબત, રોબર્ટ મેકડોનાલ્ડ પ્રલંબ જાગરણ પછી કેટલું ઘોર્યો હતો તે જાણવા મળેલ નથી!!!

"જા જા નિંદરા હું તને વારું તું છે નાર ધુતારી રે" એમ એક ભજનમાં કહેવાયું છે! ઘોડા વેચીને સૂઈ જવું એ પ્રકારની એક કહેવત છે. ઉંઘ,ભય અને મૈથુન વધારીએ એટલું વધે અને ઘટાડીએ તેટલું ઘટે!! આ બાબત મહિલાના બ્લાઉઝની સ્લીપ જેવી છે વધારો એટલી વધે અને બ્લાઉઝ સ્લીવલેસ પણ થાય તેમ રાજુ રદી કહે છે!! સૂવા જેવું સુખ નહીં અને જાગ્યા જેવું દુખ નહીં એમ અમસ્તું જ થોડું કહેવાયું હશે???પહેલું સુખ તે જાતે ઉંઘ્યા. બીજું સુખ તે બીજાને સુવાડયા. કોઈને નુકસાન કર્યું હોય ત્યારે પથારી ફેરવી નાંખી કે સુંવાળી દીધો એમ કહેવાય. એક શાયર ફરિયાદ કરતા કહે છે ,"ઈશ્ક મેં ગૈરતે જઝબાતને રોને ના દિયા, યાર કો મૈંને મુઝે યારને સોને ના દિયા! " એક ગીતમાં હીરો તેની અનિંદ્રા માટે ચાંદનીને દોષ આપતા ગણગણે છે," સુહાની ચાંદની રાતે હમે સોને નહીં દેતી , તુમ્હારી પ્યાર કી બાતે હમે સોને નહીં દેતી!! કોઈ કોંઈ ઘરવાળી તેના ગોરધનને ધમકાવતા પૂછે છે કે ઓ રંગરસિયા કયા રમી આવ્યા રાસ ,જો આ આંખલડી રાતીને ઉજાગરો ક્યારે કીધો? ગીતાના એક શ્લોકમાં પશુઓ ઊંઘે છે ત્યારે મુનિઓ જાગે છે અને મુનિઓ જાગે છે ત્યાં પશુઓ ઊંઘે છે તેન કહેવાયું છે.,બપોરના સમયે ભોજન પછી પંદર-વીસ મિનિટ ડાબા પડખે ઉંઘ લેવી તેને સંસ્કૃતમાં વામકુક્ષિ કહેવાય છે, જે ખોરાકનું પાચન કરવામાં સહાયરૂપ થાય છે!! બાંગ્લાદેશ, પ.બંગાળમાં 'ભાત-ઘુમ' એટલે કે ભાત ખાઈને લેવાતી 'નીંદર' તરીકે 'સિએસ્ટા'ને ઓળખાવાય છે. મોહને પણ યોગમાં મોહનિંદ્રા કહેવામાં આવે છે!!તંદ્રાની સ્થિતિ અર્ધ જાગૃત અર્ધનિંદ્રત વ્યવસ્થા ગણવામાં આવે છે

આપણે ત્યાં ઉંઘની દેવી નિંદ્રાદેવી તરીકે જાણીતી છે. તેમ ગ્રીક પૌરાણિક કથાઓમાં, હિપ્નોસ એ આદિકાળના દેવતા હતા, જે પૃથ્વી પર રહેતા પ્રથમ અવકાશી માણસો હતા. ઊંઘના દેવતા તરીકે, તેમની પાસે તમામ જીવો પર ઊંઘ લાવવાની શક્તિ હતી.!! ભૂતપૂર્વ વડાપ્રધાન નરસિંહારાવ, ભરી સંસદમાં બપોરે ઝોકું ખાઈ લેતા.?

ઘણા લોકોને ઉંઘમાં ચાલવાનો રોગ હોય છે. જેને નિંદ્રાભ્પમણ કહેવામાં આવે છે!!આ એક મંદ મનોવિકાર છે!! ઊંઘમાં ચાલવું એ કોઈ રોગનું લક્ષણ નથી, પરંતુ એ ચોક્કસપણે અધૂરી ઊંઘ, થાક અને તણાવ સૂચવે છે. સ્લીપવોકિંગની આદત ૪થી ૮ વર્ષની વયનાં બાળકોમાં સૌથી વધુ જોવા મળે છે. બાળકોમાં આ સમસ્યા થવી ખૂબ જ સામાન્ય બાબત છે. ક્યારેક પુખ્ત વયના લોકોને પણ ઊંઘમાં ચાલવાની આદત હોય છે, જેનાં ઘણાં કારણો હોઈ શકે છે. રોજિંદા વ્યવહાર પ્રમાણે આવા દર્દીઓ સૂઈ જાય છે, પરંતુ કેટલીક વખત ઊંઘમાં જ ઊભા થઈને બીજા ખંડમાં કે જાતે બારણું ઉઘાડીને ઘરની બહાર જતા રહે છે અને જટિલ પ્રવૃત્તિઓ કરે છે. પછી, પાછા આવીને પોતાની પથારીમાં સૂઈ જાય અને સવારે ઊઠે ત્યારે ઊંઘ દરમિયાન કરેલાં કાર્યોનું સંપૂર્ણ વિસ્મરણ થઈ ગયેલું હોય છે. દર્દીને બૂમ પાડવામાં આવે તો તે સામાન્ય રીતે જાગી જાય છે અને પોતાની તે વખતની સ્થિતિ જોઈને તેને પોતાને મૂંઝવણભરી નવાઈ લાગે છે. સામાન્ય માન્યતાની વિરુદ્ધ ઘણા ઊંઘમાં ચાલનારા પોતાની જાતને ગંભીર રીતે ઈજા કરી બેસે છે!!આપણને એ સવાલ થાય કે એક વ્યક્તિ ચાલુ ઉંઘ દરમિયાન કેટલું ચાલી શકે?? એક ડગલું , એક ફર્લાંગ, એક મીટર, દસ મીટર, અડધો કિલોમીટર એક કિલોમીટર ?? ઈન્ડિયા ડેનેવિલ નામના વિસ્તારનો અગિયાર વરસનો માઈકલ ડિકસન નામનો છોકરો છઠી ઉંઘમાં ચાલવા લાગેલો !!તેણે નાઈટ શુટ પહેરેલો. પગમાં ચપ્પલ ન હ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ

NOG.SS.NO..334
વિષયઃ શૈશવના સંસ્મરણો
શીર્ષકઃ યાદ આવે
પ્રકાર : પદ્ય. શબ્દ સંખ્યાઃ ૯૬

હતા નાનાં છૈયાં એ બાળપણ યાદ આવે,
કાલું ઘેલું બોલતાં એ ભોળપણ યાદ આવે.

કરતા નિત નવાં નખરાંને ધમાચકડી મચાવતા,
કાગારોળ મચાવતાં એ બાળપણ યાદ આવે.

આંબલીપીપળી રમતાંને સંતાકૂકડી રમતા,
સાતોલિયા રમતાં એ બાળપણ યાદ આવે.

લખોટીઓ રમતાને, ભમરડો ફેરવતા,
ફેરફુદરડી ફરતા એ બાળપણ યાદ આવે.

લંગડી ખેલતાને ગિલ્લી દંડો રમતા,
પાંચીકા ખેલતા એ બાળપણ યાદ આવે.

ગેડી દડો રમતાને નાની વાતોમાં ઝઘડી પડતા,
મારપીટ કરતા એ બાળપણ યાદ આવે.

ઝાડ પર ચઢતા, વડવાઈઓ પકડી હિંચતા,
વહેળામાં ભૂસ્કો મારતા એ બાળપણ યાદ આવે.

કેવા હતા મજાના એ શૈશવના દિવસો આપણા,
સ્મરણ કરીએ છીએ આજેને હૈયું ભરાઈ આવે.

★મહેશ રાઠોડ 'સ્નેહદીપ' પિલુદ્રા★

★★★

ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ગુજરાત સરકારની નવી પહેલ

રાજ્યમાં ટ્રાફિક સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે ગુજરાત પોલીસ દ્વારા નવી 'હેલ્પલાઇન-૧૮૦૦૨૩૩૧૧૨૨' શરૂ

રાજ્યમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ગુજરાત સરકારે નવી પહેલ કરી છે. રાજ્યમાં બનતા માર્ગ અકસ્માતો તેમજ ટ્રાફિક જામ સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે ગુજરાત પોલીસ દ્વારા નાગરિકો માટે એક વિશેષ હેલ્પલાઇન-૧૮૦૦૨૩૩૧૧૨૨ સેવા શરૂ કરવામાં આવી છે. રાજ્યના કોઈ પણ ખૂણે સર્જાયેલી માર્ગ અકસ્માતની ઘટના, ટ્રાફિક જામની સમસ્યા કે અન્ય કોઈપણ ટ્રાફિક સંબંધિત મુશ્કેલીની માહિતી નાગરિકો એક જ ફોન કોલથી આ નવી હેલ્પલાઈનમાં આપી શકશે. જે માહિતી તાત્કાલિક સંબંધિત વિસ્તારના પોલીસ અધિકારીને પહોંચાડી તે સમસ્યાનું નિવારણ લાવવામાં આવશે.

ટ્રાફિક સંબંધિત આ હેલ્પલાઈન ઉપરાંત ગુજરાત પોલીસ દ્વારા નાગરિકો માટે અન્ય ત્રણ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં વેબસાઈટ, ઈમેઈલ આઈડી તેમજ સ્માર્ટફોન યુઝર્સ માટે વિશેષ એપ્લિકેશનની સેવાનો સમાવેશ નાગરિકોની સરળતા માટે કરવામાં આવ્યો છે.

'હેલ્પલાઈન-૧૮૦૦૨૩૩૧૧૨૨': આ ડેડિકેટેડ હેલ્પલાઈન ઉપર કૉલ મળતા જ પોલીસ દ્વારા જે વિસ્તારની ફરિયાદ હશે તે સંબંધિત જિલ્લાના પોલીસ અધિકારીને તાત્કાલિક આ સમસ્યાના નિવારણ માટે એક્શન લેવા સૂચના આપવામાં આવશે. એપ્લિકેશનઃ ટ્રાફિક જામ કે માર્ગ અકસ્માત સંબંધિત કોઈ પણ ફરિયાદ સ્માર્ટ ફોનની મદદથી એપ્લિકેશન મારફતે કરી શકાય તે માટે એપ્લિકેશન 'સિટીઝન ફર્સ્ટ'માં ખાસ ફિચર ઉમેરવામાં આવ્યુ છે. આ એપ્લિકેશન મારફતે કોઈ પણ વ્યક્તિ મોબાઈલમાં ફોટો પાડીને સમસ્યાની જાણ પોલીસને કરી શકશે. જેનાં લોકેશનને આધારે પોલીસ રિયલ ટાઈમ મોનિટરીંગ કરીને આ સમસ્યાનો ઉકેલ લાવશે.

વેબસાઈટઃ રાજ્યના કોઈ પણ ખૂણે કોઈ નાગરિકને માર્ગ અકસ્માત કે ટ્રાફિક જામ સંબંધિત કોઈ સમસ્યાનો સામનો કરવો પડે કે આવા કોઈ દ્રશ્ય દેખાય તો તેનો ફોટો 'રૅજ:// ખ્રેદ્ધર્દ્ધી.ખ્રેદ્ધઠ્ઠિ.ખ્રૅદ્ધ.હ્ર્ઠ્ઠિઙ્ઘ' વેબસાઈટમાં અપલોડ કરી તે કયા લોકેશનની સમસ્યા છે તેની માહિતી આપી શકશે.

ઈમેઈલ પર મળેલી ફરિયાદ અંગે પણ એક્શન લઈ સમસ્યાનું નિવારણ લાવવામાં આવશે.

આ તમામ માધ્યમો મારફતે નાગરિકો તરફથી મળેલી ટ્રાફિક સંબંધિત ફરિયાદોનું નિવારણ કરવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવશે. જેના થકી હવે ગુજરાતના નાગરિકો તેમની ટ્રાફિક સમસ્યાઓના ઝડપી અને વધુ અસરકારક ઉકેલ મેળવી શકશે. આ નવી સુવિધાઓના વ્યાપક ઉપયોગ માટે નાગરિકોને સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા આહવાન કરવામાં આવ્યું છે, જેથી રાજ્યની ટ્રાફિક વ્યવસ્થામાં વધુ સુધાર લાવી શકાય અને માર્ગ સલામતીમાં વધારો થાય.

કલોલ ટાઉન હોલમાં સંગીત નાટક અકાદમીનો લોક ડાયરો અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

કલોલના ભારતમાતા ટાઉન હોલમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી મહિલા કેળવણી મંડળ કલોલ દ્વારા લોક ડાયરો અને પારંપરિક નૃત્ય સંગીતનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈ ગયો.જેમાં કલોલ નાગરિક સહકારી બેંકના ચેરમેન ગોવિંદભાઈ પટેલ , નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ પરમાર તથા ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ .ના કો ઓર્ડિનેટર ડો.એચ.કે.સોલંકી તેમજ દલિત સેનાના રાષ્ટ્રીય સચિવ કે.કે.શાહ અને અનુ.જાતિ પ્રદેશ મહામંત્રી નિલેશભાઈ આચાર્ય વગેરે મહેમાનોએ ઉપસ્થિત રહીને દીપ પ્રાગટ્ય કરી રંગારંગ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. ચેતન ગઢવી અને ઘનશ્યામ ગઢવી ગ્રુપ દ્વારા ભવ્ય લોકડાયરો અને રે સહિયર ગ્રુપના સત્યમ બારોટની ટીમે સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ભારત માતા ટાઉન હોલમાં પારંપરિક ગીત સંગીત અને નૃત્યથી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. લોકો રંગારંગ કાર્યક્રમમાં ઝૂમી ઉઠ્યા હતા. આ પ્રસંગે પ્રહલાદભાઈ મુખી,ભાનુબેન દોશી અને નૂતન બેન પ્રજાપતિ વગેરે મહેમાનોએ હાજર રહી કાર્યક્રમને બિરદાવ્યો હતો . મહિલા મંડળના પ્રમુખ સ્મિતા રાજપોપટે મહેમાનોનું મોમેન્ટો આપી સ્વાગત કરી આભાર વ્યક્ત કર્યો હતો .

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો શહેરી જનજીવન સુખાકારીનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયની મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને તેમના મતવિસ્તારના રોડરસ્તાના વિવિધ કામો માટે પ્રત્યેક ધારાસભ્યને બે કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને મહાનગરપાલિકાના પોતાના મતવિસ્તારમાં આવેલા કોંક્રિટ, ડામરના નવા રોડ, જૂના રસ્તાઓના રિસરફેસિંગ, જે વિસ્તારમાં ડામર રોડ કે કોંક્રિટ રોડ બનાવી શકાય તેમ ન હોય તેવા રસ્તાઓ પર પેવર બ્લોકની કામગીરી કરવા માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા ગ્રાન્ટ આપવામાં આવે છે.

મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ વિભાગની આ ગ્રાન્ટ ઉપરાંત આવા કામો માટે માર્ગ અને મકાન વિભાગની ગ્રાન્ટમાંથી ધારાસભ્યદીઠ વધારાની બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી છે.

રાજયમાં મહાનગરપાલિકા વિસ્તારોના ૪૩ ધારાસભ્યોને આ હેતુસર કુલ ૮૬ કરોડ રૂપિયા માર્ગ અને મકાન વિભાગ દ્વારા ફાળવાશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના આ શહેરીજન સુખાકારીની વૃદ્ધિ કરતા નિર્ણયને પરિણામે મહાનગરોમાં ચોમાસા દરમિયાન માર્ગોને થયેલા નુકસાનનું ત્વરાએ મરામત કાર્ય હાથ ધરી શકાશે. એટલું જ નહીં, માર્ગોની સુધારણા, મજબૂતીકરણને પરિણામે અર્બન મોબોલિટીમાં પણ સુગમતા રહેશે. મહાનગરપાલિકાઓએ સંબંધિત ધારાસભ્યશ્રીઓના પરામર્શમાં રહીને આ ગ્રાન્ટમાંથી કામો હાથ ધરવાના દિશાનિર્દેશો આપવામાં આવ્યા છે.

એક્સિઝ બેંકને રૂ. ૧.૮૦ લાખ ચૂકવવા આદેશઃમાણસાના ખાતાધારકની જાણ બહાર ખાતામાંથી રૂપિયા ઉપડી ગયા હતા, ગ્રાહક ફોરમે બેંકને જવાબદાર ગણી

માણસા સ્થિત એક્સિસ બેંકમાં અનધિકૃત રીતે થયેલા નાણાકિય વ્યવહાર માટે ગાંધીનગર ગ્રાહક કમિશને બેંકને જવાબદાર ઠેરવી ગ્રાહક રૂ. ૧.૮૦ લાખ મેળવવા માટે હકદાર હોવાનું ઠેરવ્યુ છે. કોઈપણ ઓટીપી અને મોબાઈલ મેસેજ વગર રૂ. ૧.૮૦ લાખના ત્રણ ગેરકાયદે ટ્રાન્જેક્શન થતા બેંકની આ સેવાકીય ખામીના કારણે ગાંધીનગર કન્ઝ્યુમર કોર્ટ દ્વારા રૂ. ૧.૮૦ લાખ નવ ટકાના વ્યાજ સાથે ૩૦ દિવસમાં ચુકવવા તથા માનસિક યાતના પેટે ૨૦ હજાર વળતર પણ આપવા નો આદેશ કરવામાં આવ્યો છે.માણસા માધવપાર્ક સોસાયટીમાં રહેતા ભલાભાઈ પરશોત્તમદાસ પટેલે માણસા મુક્તાનંદ કોમ્પલેક્ષમાં આવેલ એક્સિસ બેંક સામે ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ફરિયાદ કરેલી કે, સિડની ખાતે રહેતા તેમના પુત્ર પટેલ રોનિકનું એક્સિસ બેંકમાં બચત ખાતુ ખોલાવવામા આવ્યુ હતું. આ એકાઉન્ટમાં જે મોબાઈલ નંબર આપ્યો હતો તે ભલાભાઈનો હતો. ૯ મી ફેબ્રુઆરીના રોજ એકાઉન્ટમાંથી ૩૦ હજારનું ટ્રાન્જેક્શન થયાનો મેસેજ આવ્યો હતો.

આથી ભલાભાઈ તુંરત જ બેંકમાં ગયા હતા અને કોઈ ત્રાહિત વ્યક્તિએ આ ટ્રાન્જેક્શન કર્યુ હોવાનુ જણાવી એકાઉન્ટ બ્લોક કરવાનું મનેજરને જણાવ્યુ હતું. આથી મેનેજરે ખાતા ધારક મેઈલ કરશે તો જ એકાઉન્ટ બ્લોક થશે તેમ જણાવ્યું હતું. આથી ભલાભાઈએ પુત્રને જાણ કરતા તેણે મેઈલ કરીને એકાઉન્ટ બ્લોક કરાવ્યુ હતું. આ દરમિયાન ભલાભાઈ તેમના પુત્રે સહિ સાથે આપેલ ચેક લઈને એકાઉન્ટમાં પડેલ રૂ. ૩.૫૧ લાખની રકમ ઉપાડી લેવા માટે બેંકમાં ગયા હતા. એ વખતે ફરજ પરના મેનેજર દ્વારા હાઈપર ટેકનીકાલીટી અનુસરી ભલાભાઈ સાથે ખુબજ રકઝક કરવામાં આવી હતી.આ દરમિયાન જ બ્લોક થયેલા એકાઉન્ટનો રિવોકનો મેસેજ આવ્યો હતો અને ગણતરીના સેકન્ડોમાં જ ત્રણ ટ્રાન્જેક્શન મારફત વધુ રૂ. ૧.૫૦ લાખના ટ્રાન્જેક્શન થયા હતા. આ દરમિયાન ભલાભાઈએ બાકીના ૨ લાખ ઉપાડી લીધા હતા. કોઈપણ ઓટીપી અને મોબાઈલ મેસેજ વગર રૂ. ૧.૮૦ લાખના ત્રણ ગેરકાયદે ટ્રાન્જેક્શન થતા બેંકની આ સેવાકીય ખામીના કારણે તેઓએ ફરિયાદ આપી હતી.

ગાંધીનગરના લીંબોદરા ગામના પાટીયાથી વિદેશી દારૂ ભરેલી કાર સહિત રૂ. ૫.૭૪ લાખના મુદ્દામાલ સાથે બુટલેગર ઝડપાયો

ગાંધીનગરના લીંબોદરા ગામના પાટીયાથી એલસીબીએ પૂર્વ બાતમીના આધારે વોચ ગોઠવી વિદેશી દારૂનો જથ્થો ભરેલ બલેનો કાર સહિત કુલ રૂ. ૫ લાખ ૭૪ હજારનાં મુદ્દામાલ સાથે બુટલેગરને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર લોકલ લોકલ ક્રાઇમ બ્રાંચના પીઆઈ એચ પી પરમારની ટીમ માણસા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં પેટ્રોલીગ કરી રહી હતી. દરમ્યાન બાતમી મળી હતી કે, વિજાપુરથી પેથાપુર હાઈવે રોડ ઉપર લીંબોદરા ગામના પાટીયા થઈ અમદાવાદ તરફ વિદેશી દારૂ ભરેલી કાર પસાર થવાની છે. જે હકીકતના આધારે પોલીસે લીંબોદરા ગામના પાટીયા નજીક વોચ ગોઠવી દેવાઈ હતી.

ત્યારે થોડીવાર પછી બાતમી મુજબની ગાડી આવતા રોકી દેવાઈ હતી. બાદમાં ગાડીની તલાશી લેતાં અંદરથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો તેમજ બીયર મળીને ૨૮૮ નંગ જથ્થો મળી આવ્યો હતો. જેનાં પગલે ગાડીના ચાલકની પૂછતાંછ કરતાં તેણે પોતાનું નામ વિજય ભવરલાલ રબારી (રહે. નાથદ્વારા) હોવાનું જણાવી દારૂનો જથ્થો અમદાવાદ તરફ લઈ જતો હોવાની કબૂલાત કરી હતી.

જેનાં પગલે એલસીબીએ દારૂનો જથ્થો, મોબાઈલ, કાર મળીને કુલ રૂ. ૫ લાખ ૭૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર વિજય રબારીની ધરપકડ કરી માણસા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક વખતથી લકઝરીયસ ગાડીઓમાં વિદેશી દારૂની હેરાફેરીનું ચલણ વધી રહ્યું છે. જેથી પોલીસે પણ આવી ગાડીઓ તરફ ધ્યાન કેંદ્રિત કરવામાં આવ્યું છે.

પેથાપુરની બાંધકામ સાઈટ પરથી પટકાતા મજુરનું મોત

પેથાપુરમાં નવી બની રહેલી સોમ એલીગેન્સ બાંધકામ સાઈટના ૧૦મા માળે પ્લાસ્ટર કરી રહેલો મજુર કામ કરતા કરતા નીચે પટકાયો હતો. નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. આ બનાવની જાણ પેથાપુર પોલીસને થતા કાર્યવાહી હાથ ધરી હતી.મહાપાલિકા વિસ્તારમાં સમાવાયેલા પેથાપુરમાં સોમ એલીગન્સ નામની નવી સ્કીમ બની રહી છે. ૧૦ માળની ફ્લેટની સ્કીમમાં આજે બપોરના સમયે અકસ્માત બનવા પામ્યો હતો. કમલેશ સુખા ભુજ (હાલ રહે, સોમ એલીગન્સ, મૂળ રહે, રાજસ્થાન) નામનો આશરે ૨૦ વર્ષિય યુવક ૧૦મા માળે પ્લાસ્ટર કરી રહ્યો હતો. તે સમયે એકા એક તેનો પગ લપસતા સીધો જ નીચે પટકાયો હતો. જેમાં તેને મોઢા ઉપર સહિત શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી.યુવકને લોહી લુહાણ હાલતમાં ગાંધીનગર સિવિલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યો હતો અને તાત્કાલિક સારવાર વિભાગમાં લઈ જવામાં આવ્યો હતો.

ઇડરની સર પ્રતાપ હાઇસ્કુલ ઇડરના વિદ્યાર્થીનુ " જિલ્લામા શ્રેષ્ઠ પ્રતિભાશાળી વિદ્યાર્થી" તરીકે સન્માન

૧૩૪ વર્ષ જુની કેળવણીના કબીરવડ સમાન સર પ્રતાપ હાઈસ્કુલ ઈડરના ધોરણ ૯ના વિદ્યાર્થી મિશાલ ચૌહાણને શિક્ષક દિન નિમિત્તે નલિનકાન્ત ગાંધી ટાઉનહોલ હિંમતનગર ખાતે રાજયસભાના સાંસદ રમીલાબેન બારા, લોકસભા સાંસદ શોભનાબેન બારૈયા, જિલ્લા કલેકટર રતનકુંવર ગઢવી તથા જિલ્લા શિક્ષણાધિકારી મીતાબેન ગઢવી તથા મહાનુભાવોની હાજરીમા × જિલ્લામા શ્રેષ્ઠ પ્રતિભાશાળી વિદ્યાર્થી× તરીકે સન્માન પામેલ છે આ સન્માન બદલ ઈડર પ્રજાકીય વિદ્યોતેજક સમિતિ પ્રમુખ જે.ટી. ચૌહાણ મંત્રી તથા કારોબારી સભ્યશ્રીઓ અને શાળાના આચાર્ય એન.બી. પટેલ , સુપરવાઈઝર ઈબ્રાહીમ મન્સુરી, પિયુષ દવે અને શાળા પરીવાર ગૌરવની લાગણી સહ શુભેચ્છાઓ અર્પે છે

વડાલી તાલુકાના ધામડી ગામે ૧૪૩મો વડીલોના વૃંદાવન અંતર્ગત સત્સંગ મેળાવડો યોજાયો

સંતશ્રી દોલતરામ મહારાજ અન્નક્ષેત્ર આશ્રમ ધામડી ખાતે પરમ પૂજય સંતશ્રી રામજીબાવજી નિવાસી ધોલવાણીની નિશ્રામા ૧૪૩મો વડીલોના વૃંદાવન અંતર્ગત સત્સંગ મેળવડો યોજાયો ધામડી ખાતે યોજાયેલ આ સત્સંગ કાર્યક્રમમા નોરતા આશ્રમના મહંત શ્રી દોલતરામ મહારાજ પણ ઉપસ્થિત રહ્યા હતા છેલ્લા ત્રણ વર્ષથી ચાલતા આ સત્સંગ કાર્યક્રમમા મોટી સંખ્યામા આજુબાજુના ગામ સહિત સમગ્ર પંથકમાંથી ભક્તો જોડાયા હતા અને સત્સંગ તથા મહાપ્રસાદનો લાભ લીધો હતો અહીં ચાલતા સત્સંગનો મહિમા એટલો વ્યાપક છે કે સત્સંગ કાર્યક્રમ માટે ભોજનપ્રસાદના દાતાઓએ ભોજનપ્રસાદ માટે આગામી કાર્યક્રમો માટે જાહેરાત કરી હતી

સમગ્ર કાર્યક્રમનુ આયોજન સ્વર્ગીય જયંતીભાઈ વી. પટેલના સુપુત્ર (પાટીદાર સિડ્સ) ભરતભાઈની આગેવાનીમા સમગ્ર ગામ લોકોના સહયોગથી દરવર્ષે કરવામા આવે છે ભક્તો મોટી સંખ્યામા ધર્મલાભ લઈ ધન્યતા અનુભવે છે

જૈનાચાર્ય આનંદઘનસુરી વિદ્યાલય હિંમતનગર ખાતે સ્વશાસન દિનની ઉજવણી કરવામા આવી

પ્રાથમિક વિભાગના ધોરણ ૮ ના ૫૯ અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો કે.જી. થી માંડી ધોરણ ૧૨ સુધીના ટીચર્સ બનેલા વિદ્યાર્થીઓએ શિક્ષણ કાર્ય કરાવેલ અને ખૂબ જ સુંદર કામ કરેલ જેનો મુખ્ય હેતુ એ જ છે કે વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે સહભ્યાસિક પ્રવૃત્તિમા ભાગ લે અને તેમનામા રહેલી શક્તિઓને ખીલવે એક શિક્ષક તરીકે જવાબદારી નિભાવી એ કેટલુ મહત્વનુ છે તેનો વિદ્યાર્થીઓને ખ્યાલ આવે તેઓમા અનેરો ઉત્સાહ જોવા મળ્યો તેઓની કામગીરી પણ પ્રશનસનીય રહી ત્રણેય વિભાગોમા શ્રેષ્ઠ શિક્ષણ કાર્ય કરેલ ત્રણ ત્રણ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત આવેલ શાળાના તમામ સ્ટાફ મિત્રોએ ખૂબ જ ઉત્સાહક પૂર્વક સહયોગ આપેલ સમગ્ર કાર્યક્રમ ના કોઓર્ડીનેટર બી. જી. આચાર્ય, નિરવભાઈ રાવલ, મિતેશભાઈ ભટ્ટ, સુપરવાઈઝર અજીતભાઈ પરમાર અને પ્રાથમિક વિભાગ સુપરવાઈઝર જયાબેન જોશી તથા આચાર્ય પી. ડી. દેસાઈના માર્ગદર્શન હેઠળ સુંદર આયોજન કરવામા આવેલ શ્રી સોસાયટી નગર વિકાસ મંડળના પ્રમુખ સી. સી. શેઠ, મંત્રી મધુકર ખમાર અન્ય હોદ્દેદારશ્રીઓએ કાર્યક્રમની સફળતા માટે તમામને અભિનંદન પાઠવેલ

જાણીતા પત્રકારે દલિત, આદિવાસી મુદ્દાઓ પર શ્રેષ્ઠ રિપોર્ટિંગ માટે "પ્રથમ ભારતીય આઈકોન એવોર્ડ" જીત્યો

ભુવનેશ્વરઃ- ટાઈમ્સ નાઉ નવભારતના ઓડિશાના પત્રકાર ડૉ. સતીશ કુમાર દાશને નુઆખાઈ મહોત્સવમાં પત્રકારત્વના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ ''પ્રથમ ભારતીય આઈકોન એવોર્ડ''થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારોહમાં છત્તીસગઢ અને આંધ્રપ્રદેશના પૂર્વ રાજ્યપાલ શ્રી વિશ્વ ભૂષણ હરિચંદને મુખ્ય અતિથિ તરીકે યોગદાન આપ્યું હતું. બુદ્ધ મંદિર છ/ઝ, ભુવનેશ્વર. ન્યુ ઓડીટોરીયમ, યુનિટ-૯ ખાતે યોજાયેલ.

વર્લ્ડ હોમ ઈન્ટરનેશનલ દ્વારા આયોજિત, આ પુરસ્કારોમાં કેટલાક પુરસ્કાર વિજેતાઓને તેમના સંબંધિત ક્ષેત્રમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ક્ષેત્રોમાં દ્રશ્ય કલા, સાહિત્ય, સંગીત, અભિનય, રમતગમત, પત્રકારત્વ, સામાજિક કાર્ય અને સમુદાય સેવાઓનો સમાવેશ થાય છે.

ડેશ ૫ વર્ષથી વધુ સમયથી અનુભવી પત્રકાર છે

શ્રી કે. એમ. પટેલ વિદ્યામદિર ઈડર સમૂહગાન સ્પર્ધામા તાલુકા કક્ષાએ ઝળકી

ઈડર ખાતે ભારત વિકાસ પરિષદ અંતર્ગત રાષ્ટ્રિય સમૂહગાન સ્પર્ધાનુ તારીખ ૬/૮/૨૪ને શુક્રવારના રોજ ઈડર નગરપાલીકા ટાઉનહોલ ખાતે આયોજન કરવામા આવ્યુ હતુ જેમા કુલ ૨૯ ટીમોએ ભાગ લીધો હતો જેમા શ્રી કે.એમ.પટેલ વિદ્યામંદિર ઈડરની દીકરીઓએ સંસ્કૃત ગીત 'રાષ્ટ્ર રક્ષણમ 'ની ઉત્સાહપૂર્વક ઉત્કૃષ્ઠ રજૂઆત કરી સમગ્ર ઈડર તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળા અને પરિવારનુ ગૌરવ વધાર્યું છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.